

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*લડ્યા એ હથિયારે હવે એ જ ભોંકાય છે,*
*દૃષ્ટિ બદલે તો સ્વાર્થે કાંટલાં જોખાય છે,*
*પોંકાય છે વરરાજા બની એ જ દુષ્કર્મી -*
*હતું કાળું એ જ હવે સફેદ દેખાય છે...*
*(સ્વીસ બેંકમાં બધું 'કાળું' નથી)*

### હાઈકુ

*નોટબંધીથી -*
*વધી ગઈ બચત -*
*બનાવો 'મુદ્દો'*

*દેખાય ઉંધું -*
*આ ઢોંગી બાબાઓ ને,*
*શીર્ષાસનથી...*

### ચિંતન

*છદન્ત ઉભયથા વિરોધાત્ ।*

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાનીને પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ તથા કર્મનાસ તો શરીર હોય છે ત્યારે અહીં જ થઈ જાય છે. છતાં પણ દેવયાન માર્ગથી બ્રહ્મલોકમાં જઈને પરમાત્માની પ્રાપ્તિ થવાનું કહ્યું તેનું કારણ જ્ઞાની પુરુષનો તેવો સંકલ્પ હોય છે. બંને પ્રકારના અવસ્થાભેદ સંકલ્પભેદને લીધે જ જોવા મળે છે.

જે જ્ઞાની આ જ લોકમાં બ્રહ્મજ્ઞાન દ્વારા પરમાત્મા પ્રાપ્તિનો સંકલ્પ કરીને તદનુસાર પુરુષાર્થ કરે છે. તેને કયાંય જવાનું નથી રહેતું. તેઓ અહીં જ કૃતાર્થ, મુક્ત અને પૂર્ણ થાય છે. પરંતુ જે પરમાત્માના પરમધામમાં કે બ્રહ્મલોકમાં જવાની ઈચ્છાથી સાધનામાં પ્રવૃત્ત થાય છે તે દેવયાન માર્ગથી આગળ વધી ને પરમાત્માની પ્રાપ્તિ કરે છે.

### સુવિચાર

- હમેં મહેનત સે હાથોં કી લકીરે બનાવી પડતી હૈ, તકદીર લીખી નહીં જાતી, ખુદ બનાવી પડતી હૈ - **અબ્દુલ લાકડાવાલા**
- જયાં ઈચ્છાશક્તિનું કદ મોટું હોય છે, ત્યાં પડકારો આપોઆપ નાના થઈ જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'સપનુ' એટલે પગથિયાં વિનાની સીડી,
  અને 'ધ્યેય' એટલે નિશ્ચિત કરેલા પગથિયાં - **શાહબુદ્દિન રાઠોડ**
- બગડી જશે અંદરનું આ ચોખ્ખું પાણી, દિલની માથે કરુણાનું ગરણું તો ઢાંકો - **જનકલ્યાણ**
- ઉછીની પાંખથી કોઈ આકાશમાં ઉડી શકતું નથી - **મુંબઈ સમાચાર**
- જેણે જેમાં માણ્યું તેમાં તેને સુખ - **નર્મદ**
- આજનું ઔષધ : ચોમાસાની ઋતુમાં કોઈ પણ સ્વરુપે ફૂદીનો ખાવાથી ડાયેરિયા તેમજ પેટની સામાન્ય તકલીફમાં ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શહેનશાહ અકબર પાસે સમાચાર આવ્યા. કેટલાક પોર્ટુગીઝ ખલાસીઓએ એક ભારતીય વેપારી વહાણ લુંટી લીધું છે. અને એમણે કુરાનનું અપમાન કર્યું છે. તે ઉપરાંત કુરાનને કૂતરાના ગળામાં બાંધી એને આખા શહેરમાં ફેરવ્યો. આ સમાચાર સાંભળતી રાજમાતા ખૂબ ગુસ્સે થયા. તરત રાજમાતા અકબર પાસે પહોંચ્યા. અને કહ્યું, 'બેટા, એ ફિરંગીઓની તું એવી ખબર લે જે કે જિંદગીની ખો ભૂલી જાય, તું બાઈબલને ગધેડાના પૂંછડે બાંધી દિલ્હી આખામાં ફેરવ, એ વિના એમની સજા ઠેકાણે નહીં આવે.' અકબરે શાંત ચિત્તે માતાનો રોષ સાંભળ્યો અને કહ્યું, 'અમ્મા જાન, એ ખલાસીઓને આકરી શિક્ષા જરૂર થશે જ. જે કામ તેમણે કર્યું એ ખૂબ જ ખરાબ અને નિંદનીય હોય તો તેમના ધર્મપુસ્તકનું હું અપમાન કરું તો શું એ કામ વખાણવા લાયક થઈ જશે ? તેમણે આપણા કુરાનનું અપમાન કર્યું. એનો બદલો લેવા હું બાઈબલનું અપમાન કરું તો હું બાદશાહ શાનો ??' મને તો હિન્દુ-મુસ્લિમ-ઈસાઈ તમામ કોમના લોકો બાદશાહ માને છે. મારાથી એવું પગલું કેમ ભરાય અને હું એવું પગલું ભરું તો પણ લૂંટારો જ સાબિત થાઉં.' અકબરનો જવાબ સાંભળી રાજમાતાનો રોષ થોડો શાંત પડ્યો અને તેમણે અકબરને કહ્યું, 'દીકરા, સ્વયંનિર્મિત મર્યાદા રાખી રાજસત્તા સંભાળવી જ સાચું રાજતત્ત્વ છે. જે તારાં વાણી; વિચાર, વર્તનમાં દેખાય છે. મને તારા પર ગર્વ છે.'

# કાળાં નાણાંનો મુદ્દો બૂમરેંગ થવાની સંભાવના

**તંત્રીસ્થાનેથી...**

યુપીએ શાસન વિરુદ્ધ સૌથી મોટા મુદ્દાઓ પૈકી એક હતો કાળા નાણું. ધુંવાધાર પ્રચાર ઝુંબેશ ચલાવીને ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના નેતાઓને ભ્રષ્ટાચાર આચરીને હસ્તગત કરેલાં અઢળક નાણાં દૂર દેશાવરની બેન્કોમાં ઢબૂરી દીધાં હોવાની અફવાઓ એ એટલું જોર પકડ્યું હતું કે ગરીબડી પ્રજા એને સાચી હકીકત માની લઈ એ કાળાં નાણાં ભાજપ સરકાર પાછાં લઈ આવશે એવી ગળચટી કલ્પના કરતી થઈ ગઈ હતી. વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તો એ નાણાં પરત લાવી દેશના પ્રત્યેત ખાતેદારના સેવિંગ્સ એકાઉન્ટમાં પંદર-પંદર લાખ જેવી માતબર રકમ આપોઆપ જમા થઈ જશે એવો સધિયારો પણ બંધાવ્યો હતો. સ્વિસ બેન્કો કાળાં નાણાં સંઘરતી હોઈ એમને એવા ભારતીય નાગરિકોનાં નામ જાહેર કરવાની પણ ફરજ પડાઈ. પરંતુ અંતે ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર જેવો ફિયાસ્કો થયેલો તે સૌ જાણે છે. કોઈ પણ જાણીતા રાજકીય હસ્તી કે ઉદ્યોગપતિનું નામ નહોતું ખૂલ્યું. જે નામો જાહેર કરાયેલાં તે નાના મોટા વેપારીઓનાં હતા. હમણાં સ્વિસ બેન્કોએ બહાર પાડેલી વિગતો ચોંકાવનારી એ અર્થમાં છે કે અગાઉ કરતાં દોઢાં - બમણાં નાણાં મોદી શાસનકાળમાં છેલ્લાં વર્ષ દરમિયાન સ્વિસ બેન્કોમાં ભારતીય ખાતેદારોએ જમા કરાવ્યાં છે. નાણાંમંત્રી અરુણ જેટલીને ખુલાસો કરવો પડ્યો છે કે સ્વિસ બેંકોમાં જમા થનાર બધાનાં નાણાં 'કાળાં' નથી હોતાં. મોદી સરકાર આ મુદ્દે રક્ષણાત્મક સ્થિતિમાં મુકાઈ ગઈ છે. નોટબંધીનું ઐતિહાસિક પગલું ભર્યાં છતાં કાળાં નાણાંનો દબદબો તો કાયમ જ રહ્યો છે. ઊલટાની પરિસ્થિતિ અગાઉની સરખામણીએ વધુ વણસી છે. મોદીના પરમ શુભચિંતક ગણાતા ભાજપના રાજયસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામી ખુદ પોતાની જ પાર્ટીના ગેરવહીવટ વિરુદ્ધ મેદાને પડ્યા છે. એમણે નાણા સચિવ હસમુખ અઢિયાને લબડધક્કે લીધા છે. જેમને ચાહીને મોદી વિશ્વાસુ અધિકારી તરીકે દિલ્હી લઈ ગયા હતા અને આવી અગત્યની જવાબદારી સોંપી હતી. કોંગ્રેસ અને સીપીએમ જેવા વિપક્ષોને તો વણમાગ્યો મુદ્દો મળી ગયો છે. મોનસૂન સત્રમાં કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષો આ મુદ્દો જોરશોરથી ઉઠાવશે ત્યારે 'અચ્છે દિન' લાવી આપવાનું પ્રલોભન આપનાર શાસક પક્ષ માટે મોઢું દેખાડવું ભારે પડી જશે. કાળાં નાણાં વિશેની ધોંસ, ધાકધમકી અને બેઉ દેશો વચ્ચે થયેલ આ મુદ્દે ગોપનીય બાબતો જાહેર કરવાની સમજૂતીના પગલે છેલ્લાં ત્રણ વર્ષો દરમિયાન સ્વિસ બેન્કોમાં જમા થતી રમકમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ ૨૦૧૭ના આંકડા બહાર પડતાં જ ખંગ વળી ગયો છે. ૨૦૧૯ની ચૂંટણીમાં આ 'કાળાં નાણાં'નો જ મુદ્દો ભાજપ વિરુદ્ધ બૂમરેંગ થવાની શક્યતા નકારી શકાય નહીં. મોદીનું જ હથિયાર મોદી વિરુદ્ધ વપરાશે તે નક્કી !

# ઓરી અને રૂબેલા



### તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

સંજયને સ્કૂલમાં ખૂબ જ તાવ આવ્યો. આખા શરીરે લાલ ચકાડામા થઈ ગયા, નાકમાંથી પાણી પડવા માંડ્યુ, આંખો લાલ થઈ ગઈ. આચાર્ય ખૂબ જ ગભરાઈ ગયા. તરત જ માતા-પિતાને ફોન કર્યો. સંજયના માતા – પિતા બંને જણા એકદમ ઝડપથી સ્કૂલમાં પહોંચી ગયા. સંજયને લઈને દવાખાને પહોંચ્યા. સંજય ખૂબ જ ઢીલો પડી ગયો હતો, અસહ્ય તાવ હતો. આખા શરીરે લાલ ચકામા પડી ગયા હતા. આ એક દાખલો...



દાખલો બીજો... મમતાબેનને સારા દિવસો રહ્યા. આખુ ઘર ખુશખૂશાલ હતું. નવ મહિના જાણે આમ જ નીકળી ગયા. ઘણા વર્ષ પછી મમતાબેનને સારા સમાચાર મળ્યા હતા. લગ્નના લગભગ ૧૨ – ૧૫ વર્ષ પછી સારા સમાચાર હતા. ઘરમાં ખૂશાલી હતી. ધીરે ધીરે પ્રસૂતિનો સમય નજીક આવ્યો. ડૉક્ટરને બતાવ્યું. સ્ત્રી રોગના ડૉક્ટરોએ કહ્યું સોનોગ્રાફી કરાવો. સોનોગ્રાફી કરાવતા ખબર પડી કે બાળકમાં ખોડખાંડપણ છે. એના મગજનો વિકાસ થઈ શક્યો નથી. હાથ – પગ બંનેમાં પણ ખોડ છે. મમતાબેન ઉપર આભ તૂટી પડ્યું. ઘરનો માહોલ બહુ દુઃખભર્યો થઈ ગયો. જાણે કે સૂર્યોદય થવાની જગ્યાએ સૂર્યાસ્ત થઈ ગયો. ઘરમાં અંધારું થઈ ગયું. મમતાબેનને સાચું ન લાગ્યું. એમણે ઘણા બધાં ડૉક્ટરોને બતાવ્યું. પણ નિદાન એક જ રહ્યું. કે તમારે તમારા બાળકને આ ધરતી ઉપર ન આવવા દેવું જોઈએ. કારણ કે તેથી તમે અને તમારું કુટુંબ આખી જિંદગી તેનાથી હેરાન થશો. શું થયું, આવું કેમ બન્યું ? ઉપરના બંને દાખલા બહુ જ સાધારણ છે. સાધારણ એટલા માટે કહેવાનું કે આપણે રોજબરોજ આવા કિસ્સા સાંભળતા હોઈએ છીએ. પણ આ કિસ્સાને ઓછા કરવા અથવા કાયમ માટે બંધ કરી દેવા માટે શું કરવું જોઈએ એ કોઈએ વિચાર્યું છે ખરા ? હવે નિદાનમાં જોઈએ કે સંજયને ઓરી હતા. ઓરી એ એક વાઈરસનો ચેપ છે. જ્યારે મમતાબેનના કેસમાં પણ રૂબેલાના વાઈરસનો ચેપ છે. વર્ષો પહેલા મમતાબેનને રૂબેલાના વાઈરસનો ચેપ લાગ્યો હતો. રૂબેલાના વાઈરસ શરીરના અવયવમાં શાંત પડી રહેલા. જેમ કે જમીનમાં ક્યાંક બી પડેલા હોય અને વરસાદ પડે એટલે બીમાંથી છોડ અથવા ઝાડ થાય છે એવી જ રીતે મમતાબેનના કેસમાં જ્યારે તેમને સારા દિવસો રહ્યા ત્યારે રૂબેલાનો વાઈરસ ઉભો થયો અને એના પરિણામે મમતાબેનના બાળકને ખરાબ હાની પહોંચાડી. એમાં મમતાબેનનો કે મમતાબેનના કુટુંબનો કે મમતાબેનના પતિનો કોઈ જ દોષ નથી. આપણે તો એમ જ કહેવાના કે ભગવાનની ઈચ્છા નહીં હોય. ત્યારે આપણને આપણી જાત પર શરમ આવે છે. અત્યારે સૂર્ય અને ચંદ્ર અને બીજા ગ્રહો પણ માનવી વેકેશન ગાળવાની વાતો કરે છે. મોટા મોટા નગરો સમુદ્રમાં થવા લાગ્યા છે. આવી પરિસ્થિતિમાં આપણે ભગવાનના ભરોસે રહેવું જોઈએ. ભગવાનમાં શદ્ધા રાખવી જોઈએ પણ અશદ્ધા ન રાખવી જોઈએ. મેડીકલ સાયન્સના લાભ આપણે લેવા જોઈએ. જેનાથી આપણને આપણા કુટુંબને , સમાજને અને દેશને ફાયદો થાય. વાતો તો આપણે મોટી મોટી કરીએ છીએ. પણ કંઈક કરવાનું આવે ત્યારે આપણે આળસું બની જઈએ છીએ. આળસ ખંખેરવાની જરૂર છે. જેટલી સરકારની જવાબદારી છે તેટલી જ જવાબદારી આપણી રહેલી છે. હવે, બસ થયું ભાઈ લાઈન ઉપર આવો, તમારે કહેવું શું છે એ તો કહો ? મારે ફક્ત એટલું જ કહેવું છે કે, ઓરી અને રૂબેલાની રસી જેને એમ.આર. રસી કહે છે તે દરેક બાળકને આપવી જોઈએ. જેનાથી સંજય જેવો તાવ આવે પણ એની અસર ખરાબ ન થાય. આપણે જાણવામાં રસ હોય કે સંજયને શું થયું ? સંજયનો તવ વધતો ગયો અને છેલ્લે એ અનકોશિયસ થઈ ગયો. એટલે કે બેભાન થઈ ગયો. વેન્ટીલેટર પર રાખવામાં આવ્યો અને એનું મગજ મરી ગયું. અને ધીરે ધીરે એવું અવસાન થયું. મતલબ કે આ દુનિયામાં સંજય હવે નથી. એનું કારણ એક જ કે સંજયે ઓરીની રસી નહોતી લીધી. એવી જ રીતે મમતાબેને પણ રૂબેલાની રસી નહોતી લીધી. અને તેને લીધે આવા મોંઘા ન પોષાય એવા, ન કલ્પના કરી શકાય એવા પરીણામ ભોગવવા પડ્યા.

(ક્રમશઃ)

# ડૉ. અંજના બારોટ : પરિશ્રમ અને નિષ્ઠાયુક્ત નારીમાધુર્ય



### મોરપીંછના રંગ



ડૉ. કનૈયાલાલ ભટ્ટ

ડૉ. અંજના બારોટ આવું જ એક નારીવ્યક્તિત્વ છે. સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગ - ગાંધીનગરમાં આશિસ્ટંટ ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા આ ડૉ. અંજનાબેનનો પરિચય મને છેલ્લા ચારેક વર્ષથી. મારા પરમ મિત્ર ડૉ. કિરિટ શુકલના માર્ગદર્શનમાં પીએચ.ડીનું સંશોધન કાર્ય તેઓ કરે, પરંતુ આ ઓળખાણ ધીમે ધીમે પારિવારિક બની ગઈ, એમ. એ. એમ. લિબ. અને પીએચ.ડી સુધીની ડિગ્રી ધરાવતા અંજનાબેનનું વ્યક્તિત્વ સાવ સરળ, સાહજિક અને સંવેદનશીલ છે. કોઇપણ વાત કે સમય કે સંજોગોને એક ક્ષણમાં પારખવાની એમની કલા એમને જીવનની એક ઊંચાઇ સુધી લઇ જાય છે.

પ્રાથમિક શિક્ષણ પાલનપુરના કોદરાલી અને માધ્યમિક શિક્ષણ છાપી તથા કૉલેજ ઊંઝામાં પુરી કરીને ગુજરાતી વિષયમાં એમ.એ. ગુજરાત યુનિવર્સિટીમાં કરે છે. ત્યાર પછી ફરીથી લાયબ્રેરી સાયન્સમાં ગ્રેજ્યુએશન અને માસ્ટર ડિગ્રી પણ મેળવે છે. એમના જીવનમાં એક નવો તબક્કો શરું થાય છે વર્ષ – ૨૦૧૪થી પીએચ.ડી સંદર્ભે સંશોધન કાર્ય કરવાથી. અને વિષય પણ 'એ સ્ટડી ઓફ યુનિવર્સિટી લાયબ્રેરીઝ ઈન ગાંધીનગર સિટી ઓફ ગુજરાત' ગાંધીનગરમાં આજે ઘણી બધી યુનિવર્સિટીઓ કાર્યરત છે. આ બધી યુનિવર્સિટીની લાયબ્રેરીની બાહ્ય આંતરિક વ્યવસ્થા, એના પુસ્તકો, પ્રકારો, પદ્ધતિઓ, વિવિધ ક્ષેત્રોમાં એની ઉપયોગિતા, નવી વિકસતી પદ્ધતિઓ, આ બધી બાબતોનું ઊંડાણપૂર્વકનું સંશોધન તેમની સૂઝ, ધૈર્ય, સાહસ અને નિષ્ઠા માગી લે છે.

આપણે ત્યાં મોટેભાગે પીએચ.ડી.નું સંશોધનકાર્ય કરતા શોધાર્થીઓ બે કે ત્રણ વર્ષ કે ચાર વર્ષ માત્ર પોતાના વિષયનું સંશોધનકાર્ય માંડ માંડ પૂર્ણ કરી શકે છે. તેથી અન્ય કાર્ય કરવું લગભગ અશક્ય બની રહે છે. જ્યારે ડૉ. અંજના બારોટે આ સંશોધન અભ્યાસ દરમિયાન ૩૨ જેટલા નેશનલ / ઈન્ટરનેશલ આર્ટીકલ્સ તૈયાર કરીને ગુજરાત ઉપરાંત વિવિધ રાજ્યોની યુનિવર્સિટીઓના શૈક્ષણિક સેમિનારોમાં રજુ કરીને પોતાના વ્યાખ્યાનો આપીને વિદ્વાનોની પ્રસંશા મેળવી છે.

આ પીએચ.ડીના સંશોધનાત્મક સમયગાળામાં એમણે લખેલા લેખોના વિષયોમાં લાયબ્રેરી, ઈન્ફોર્મેશન, ઈન્ટરનેટ, વેબવર્લ્ડ, નૉલેજ મેનેજમેન્ટ, મોબાઈલ ટેકનોલોજી, સોશિયલ મીડિયા નેટવકલ્રગ, મોબાઈલ ડિવાઈસ, ડિઝીટલ લાયબ્રેરી, ઈ-રિસોર્સીસ... વગેરે વિષયો પર આધુનિકતાના સંદર્ભે અભ્યાસલેખો દેશભરના પ્રતિષ્ઠિત સામયિક, જનરલ્સ, ઈ-પેપર્સ તથા પુસ્તક સંપાદનોમાં સ્થાન પામ્યા છે. આ ઉપરાંત સાહિત્ય ક્ષેત્રે પણ તેમણે વિશિષ્ટ કાર્ય કર્યું છે. મધ્યકાળના કવિ પ્રીતમદાસની ૧૧૩ પાનાની પદસૂચિ તેમણે ભારે સંશોધન અને પરિશ્રમથી બનાવી છે. જેનું પુસ્તક પણ પ્રગટ થયું છે. તો વળી ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ઈ.સ. ૧૯૬૦થી ૨૦૧૫ સુધીના સર્જકોની એવૉર્ડ્સ સૂચિનું પણ ભગીરથ કાર્ય તેમણે તેમના માર્ગદર્શક ડૉ. કિરીટ શુકલાના માર્ગદર્શનમાં કર્યું છે. અને અકાદમી દ્વારા લોકસાહિત્ય ક્ષેત્રે પ્રગટ થતા એકમાત્ર વિશિષ્ટ સામયિક ''લોકગૂર્જરી'' ના અંક નં. ૧ થી ૪૮ સુધીની સૂચિ પણ તૈયાર કરી છે. આ બધી સૂચિ સાહિત્યના અભ્યાસીઓને ખુબ જ ઉપયોગી બને એવી છે.

તો વળી ડૉ. અંજના બારોટને ડિપાર્ટમેન્ટ ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ વિભાગ અગ્રવાલ કૉલેજ – હરિયાણા તરફથી નેશનલ કૉન્ફરન્સમાં 'ઈમ્પેક્ટ ઓફ ઈ-રીસોર્સ ઓન યુનિવર્સિટીઝ લાયબ્રેરી ઈન મોર્ડન એરા' માટે શ્રેષ્ઠ પેપર એવૉર્ડ પણ મળેલો છે. આ પ્રવૃતિની સાથે સાથે તેમની લેખન પ્રવૃતિના પરિણામે 'સૌમ્ય પ્રતિભા : ડૉ. સોમાભાઈ પટેલ' નામે એક પુસ્તક લખીને એમના ગુરુનો મહિમા કર્યો છે. ગુજરાત રાજ્ય બહાર હરિયાણા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, દિલ્હી, મિઝોરમ અને થાઈલેન્ડ જેવા વિવિધ રાજ્યો અને દેશની યુનિવર્સિટીઓ સુધી તેમના લેખો પહોંચ્યા છે. પ્રસંશા પામ્યા છે.

માત્ર અગિયાર વર્ષની ઉંમરે રમત ગમત હરિફાઈઓમાં ભાગ લઈને ૪૦૦ મીટરની દોડમાં બે વખત વિજેતા અને ચિત્રકામ સ્પર્ધામાં પણ ભાગ લઈને વિજેતા થયેલા છે. તો વળી કૉલેજકાળમાં એન.એસ.એસ. પ્રવૃતિઓમાં અગ્રેસર અને વ્યક્તિત્વ વિકાસ સેમિનાર, વાર્તાલેખન શિબિરોમાં ભાગ લઈને પોતાની ધગશ, સાહસ અને શક્તિનો પરિચય સૌ કોઈને પરિચય આપ્યો છે.

આપના જીવન ઘડતરમાં કંઈ કંઈ વ્યક્તિઓનો અને પરિબળોનો ફાળો મુખ્ય રહ્યો છે ? એવા એક પ્રશ્નના જવાબમાં ડૉ. અંજના બારોટે જણાવ્યું કે મારા મમ્મી પપ્પા તથા પતિ શ્રી કમલ અજવબાણી તરફથી મળેલ પ્રોત્સાહન અને સહકારને કારણે હું આટલી આગળ વધી શકી છું. તથા મારો સર્જનાત્મક અને સંશોધનાત્મક વિકાસ મારા પીએચ.ડીના માર્ગદર્શક ડૉ. કિરીટ શુકલને કારણે થયો છે. અને કડી વિશ્વ વિદ્યાલયના ચેરમેનશ્રી, નિયામકશ્રી અને આખો પરિવાર પણ મારા વિકાસમાં મહત્વના રહ્યા છે. બાકી પરિબળો મને હંમેશાં સાનૂકુળ રહ્યા છે.

વર્ષ - ૨૦૧૧ થી ૨૦૧૫ સુધી ગાંધીનગર ભારતીય જનતા પાર્ટીના બક્ષીપંચ મોરચાના શહેર મંત્રી તરીકે કાર્ય કરનાર ડૉ. અંજના બારોટે થોડા વર્ષો અગાઉ મંત્રીશ્રી આનંદીબેન પટેલના કાર્યકાળમાં સ્વર્ણિમ રસોઈ ઉત્સવનું આયોજન કરીને શહેરના દરેક સેકટરોમાં કેલ્શિયમ ફૂડ સ્ટેજ શૉ કરીને યોગ્ય ભોજન બનાવવાની માહિતી દરેક સ્ત્રીઓને આપી હતી આ કળા – સામાજિક નારી જાગૃતિ પ્રવૃતિને કારણે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ એમને અભિનંદન આપ્યા હતા. આ ઉપરાંત અંજનાબેન એમના ભાઈ વિક્રમભાઈ સાથે વૃદ્ધાશ્રમોમાં જઈને સમયાંતરે વૃદ્ધોની સેવા સુશ્રુષા અને જરુરિયાતમંદ વૃદ્ધોને આર્થિક મદદ પણ કરતા રહ્યા છે. તો વળી ઘણી વખત ઝૂપડપટ્ટીઓમાં જઈને ત્યાના શિક્ષણવંચિત બાળકોને અક્ષરજ્ઞાન પણ આપવાની ઉમદા પ્રવૃતિ કરતા રહ્યા છે.

આમ એક મધ્યમવર્ગના પરિવારમાંથી આવીને પોતાના પરિવારમાં અને સમાજમાં સૌ પ્રથમ પીએચ.ડી જેવી ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરનાર આ અંજનાબેન આજની યુવતિઓ માટે એક પ્રેરણારૂપ વ્યક્તિત્વ છે. આજે કૉલેજોમાં વ્યાખ્યાતા તરીકે નોકરીએ લાગી ગયા પછી મોટેભાગે કોઈ આગળ અભ્યાસ કરતું નથી અને એમાંય સ્ત્રીઓને ઘર અને નોકરી બન્ને સંભાળવાનું હોવાથી કશું જ થઈ શકતું નથી ત્યારે આવા નારી વ્યક્તિત્વો પણ આપણી આસપાસ હોવાનું આપણને ગૌરવ હોવું જોઈએ. કે જેઓએ સખત પરિશ્રમ, નિષ્ઠા અને સાહસથી સમગ્ર નારીગૌરવના માધૂર્યને મ્હેકાવ્યું છે.

- 9426060601.india@gmail.com

# 'વાયરલ' થી બચો...!

### રજળપાટ



અજય ઉપાધ્યાય

'તમારા શહેરમાં બાળકોને ઉઠાવી જતી ગેંગ આવી ગઈ છે અને બાળકોને ઉઠાવી જાય છે. આ વિડીયો ગઈકાલે પકડાયેલા આવી જ ગેન્ગના સભ્યોનો છે, આને બને એટલા ગ્રુપમાં મોકલો જેથી બધા સાવધાન થઈ જાય...' આવા એકદમ સાચા લાગતા મેસેજ સાથેનો ઓડિયો અને વિડીયો મારા ને તમારા બધાના વોટ્સઅપ પર આવ્યો જ હશે. જોતજોતામાં તો આ મેસેજ અને વિડીયોએ હજારો વોટ્સઅપ ગ્રુપ અને સોશિયલ સાઈટ પર કબજો જમાવી લીધો. એક મોબાઈલથી બીજા મોબાઈલ અને એક પ્રોફાઈલથી બીજા પ્રોફાઈલ પર આ મેસેજ અને વિડીયો ફરતો રહ્યો અને પરિણામે કોઈ જ પ્રકારની ખાતરી વગરના આ વિડીયોને લીધે અનેક શહેરોમાં નિર્દોષ લોકો સાથે બાળક ઉઠાવી જનાર ગેંગની શંકા રાખીને ટોળાઓ દ્વારા મારઝૂડ કરવામાં આવી એટલું જ નહી પણ આ ટોળાના મારથી એકાદ-બે વ્યક્તિના મોત પણ થયા અને અનેકોના હાડકા પણ ભાંગ્યા.

આજકાલ સોશિયલ મીડિયાનો જમાનો છે, આંગળીના ટેરવે અને મોબાઈલની એક ક્લિક પર આખી દુનિયા છે. એક સમયે પૈસાદારને જ પોસાતો મોબાઈલ ડેટા ઓલમોસ્ટ મફતના ભાવે ઉપલબ્ધ છે અને તીવ્ર હરીફાઈને લીધે લગભગ દરેક હાથમાં એક મોબાઈલ રમતો થઈ ગયો છે અને વધુ મહત્વની વાત તો એ છે કે એમાંના મોટાભાગના યુઝર્સ લેખની શરૂઆતમાં લખ્યો એવા મેસેજ 'ના આવ દેખા ના દાવ' ની જેમ ફોરવર્ડ કરવામાં માહિર છે, પરિણામ ?... પરિણામે આગળ લખ્યું એમ નિર્દોષોની જાન જાય છે. ચાલો માનીએ કે કદાચ આ મેસેજ સાચો હોય તો પણ એની કોઈ વૈધાનિક સત્યતા ખરી ?? વોટ્સઅપ કે સોશિયલ મીડિયા પર તમારા મોબાઈલના નોટીફીકેશનમાં ઝબકતા આ અને આવા બીજા ધડ-માથા વગરના અનેકો મેસેજોની સચ્ચાઈ જાણવા જેટલી અક્કલ અને સબુરી ક્યાં છે કોની પાસે ?

અને એનું કારણ છે ફોરવર્ડ કરવાની ચટપટી... કશુક જલ્દી વેહ્ચી દેવાની તાલાવેલી... હું રહી ગયો નો ઈર્ષાભાવ...! સંદેશાના માધ્યમ જેમ જેમ વધતા જાય છે એમ એમ સોશિયલ સાઈટ્સ પર નવરી બજારુંની સંખ્યા પણ વધતી જાય છે. ધાર્મિક ફોટાઓ સાથે ૧૦ કે ૨૦ ગ્રુપમાં શેર કરો અને ચમત્કાર મેળવો આવા મેસેજો તો હવે જુના થતા જાય છે પણ સમાજને હલબલાવી નાખતા આ બાળક ઉઠાવ ગેંગ જેવા મેસેજોની સંખ્યા વધતી જાય છે. સાઈબર નિષ્ણાતો કહે છે કે આવા ફેક અને ખોટા વાયરલ થતા મેસેજોને રોકવાની અસરકારક રીત હજુ સુધી તો મળી નથી. એનું કારણ છે કે હજુ તો સાઈબર સેલ કે બીજા કોઈ નિષ્ણાતો આ મેસેજોની સચ્ચાઈ અને કુળની તપાસ લગાવે ત્યાં સુધીમાં તો આવા મેસેજો જંગલમાં લાગતા દાવાનળની જેમ કેટલાયે ગ્રુપ અને પ્રોફાઈલો પર પથરાઈ ચુક્યા હોય છે.

સોશિયલ સાઈટ્સ પર અચરો કચરો બધું જ અપલોડ થતું રહેતું હોય છે અને ગંભીર વાત તો એ છે કે સાઈબર કાનુન અને સાઈબર સેલો હોવા છતાં પણ મોટાભાગના કિસ્સામાં ફેક અને ખોટા મેસેજો સુધી પહોચાતું નથી અને અથવા તો પહોચી જવાય તો પણ જે પ્રમાણમાં એનો વિસ્તાર થઈ ગયો હોય છે એ બધા જ ને ખોળી કાઢવા અશક્ય છે એવું તો ખુદ સાઈબર નિષ્ણાતો પણ કબુલે છે એવામાં યુઝર્સની ફરજ બને છે કે તમારા સુધી પહોચેલા આવા ફેક મેસેજની સચ્ચાઈને તમારી બુદ્ધિના ત્રાજવે તોળીને પછી જ આગળ સ્પીડ પોસ્ટ કરવો..! તકલીફ એ છે કે ઘણા બધા શિક્ષિત લોકો પણ આવા મેસેજ દ્વારા ભોળવાઈ જતા હોય છે તો સામે છેડે અર્ધશિક્ષિત કે અભણ લોકો તો આવા મેસેજોને સાચા માની જ લે એમાં શું નવાઈ ?

આજકાલ તો દરેકના હાથમાં મોબાઈલ છે અને એ મોબાઈલમાં ઓલમોસ્ટ મફત ડેટા..પરિણામે તમારા ગામ કે શહેરથી હજારો કિલોમીટર બનતી ઘટનાના વિડીયો કે ફોટા ભળતા-સળતા લખાણો સાથે એક મોબાઈલથી બીજા મોબાઈલ પર ફર્યા જ કરે છે. હિંસા, ઉશ્કેરણી, જાતીય ભેદભાવ જેવા બનાવોને ઝટથી વાયરલ કરવામાં આવી રહ્યા છે. ભલેને તમને અસર કરે કે નાં કરે પણ તમારા મોબાઈલ અને મોબાઈલ થ્રુ દિમાગ પર સતત ઠલવાતા જતા આવા ફેક કે પછી સાચા હોય તો પણ સંદેશાઓને લીધે ધીરે ધીરે જુઠની એક જાળ તમારી આસપાસ વીંટાતી જાય છે અને સરવાળે બને છે એવું કે જ્યાં તમારા ઈમોશન્સ કામ કરવા માંડે એવા સમાચારો તમે પણ જોયા વિચાર્યા વગર વાયરલ કરવાના અધમ કામમાં લાગી જાવ છો.

આજકાલ લગભગ દરેક ભાષાની ન્યુઝ ચેનલ પર ' વાયરલ વિડીયોનું સત્ય ' જેવા કાર્યક્રમો રોજ બતાવવામાં આવે છે કે જેમાં વાયરલ થયેલા વિડીયો સાચા છે કે ખોટા એની છણાવટ કરવામાં આવે છે પણ સાઈબર નિષ્ણાતોનું કહેવું છે કે આ બધું ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળું મારવા જેવું છે. સાવ એવું પણ નથી કે વાયરલ મેસેજોના મૂળ સુધી નથી પહોચાતું, ઘણા બધા કિસ્સામાં પોલીસ આવા ખોટા મેસેજો વાયરલ કરનાર સુધી પહોચી પણ ગઈ છે પણ ત્યાં સુધી પોલીસ પહોચે એ પહેલા એ વાયરલ મેસેજે સમાજ પર કરેલી અસરો સુધી પહોચી શકાતું નથી. ત્યાં સુધી પહોચવા માટે કોઈ કાનુન કે કોઈ સેલ ટૂંકો જ પડવાનો એવામાં જરૂરી છે કે તમારા સુધી પહોચેલ મેસેજ માત્ર અફવા છે કે ખરેખર આવું છે એની પુરતી તપાસ કરાય. આ એટલા માટે પણ જરૂરી છે કે ખોટા મેસેજ ફોરવર્ડ કરવાના ચક્કરમાં ક્યારેક મુસીબતમાં પણ મુકાઈ શકો છો. મોટાભાગે તો ટીવી ન્યુઝ પર ખોટી અફવાઓની સત્યતા ચકાસી શકો છો એટલું જ નહિ પણ જો તમારી આસપાસના વિસ્તારનો બનાવ હોય તો ત્યાં કોઈ ઓળખીતાને ફોન કરીને પણ પૂછી શકો છો. અને છતાયે કશું ઠોસ સાબિત ના થઈ શકતું હોય તો બહેતર છે કે તમને શંકાસ્પદ લાગતા કોઈ પણ મેસેજને આગળ મોકલવાનું બંધ કરી દો. ઠીક છે કે ઘણા મેસેજો સાચા છે કે ફેક એનો ટપ્પો ના પડતો હોય તો ફોરવર્ડ પર ક્લિક કરવાનું ટાળો ને...શું ફર્ક પડવાનો છે દોસ્ત...?

મજાક કે મસ્તી માટે કે પછી ફિલ્મોને લગતા કે કોઈ સંભારંભમાં બની ગયેલા બનાવોના વિડીયો ઠીક છે કે ગમ્મત ખાતર પણ તમે ફોરવર્ડ કરો કે જુઓ પણ રાષ્ટ્રીય અને સમાજને લગતી કોઈ સંવેદનશીલ બાબતને કોઈ ચકાસણી વગર ફોરવર્ડ કરતા પહેલા સો વાર વિચારવું. સોશિયલ મીડિયા શેરીંગનું માધ્યમ છે એટલે એનો ઉપયોગ સારી બાબતો કે ઘટનાઓ કે મેસેજો શેરીંગ કરવા થાય એ યોગ્ય છે પણ આજકાલ અનેકો એવા મેસેજો આવે છે કે પહેલી નજરે જ તમને ખ્યાલ આવી જાય કે આ મેસેજ કોઈ સંદેશો નહિ પણ ઉશ્કેરણી કે પછી વિખવાદનું મૂળ છે એવા મેસેજો મત ફોરવર્ડ કરો યાર...!! સાઈબર ક્રાઈમ અંતર્ગત આવા મેસેજો ફોરવર્ડ કરવા એ પણ ગુનો છે એટલું તો હવે બધા જ જાણે છે. ઠીક છે કોઈએ તમને આવા કોઈ મેસેજ મોકલ્યા તો જોઈને ડીલીટ કરવા વધુ હિતાવહ છે. એવા કોઈ પણ ગ્રુપમાંથી વહેલી તકે નીકળી જાવ કે જે ગ્રુપમાં આવી મો-માથા વગરની કલીપો સતત ફરતી રહેતી હોય છે. એવા કોઈ પણ મેસેજને ફોરવર્ડ ના કરો કે જેને લીધે કોઈ જાતી, ધર્મ, સમ્પ્રદાય કે રાષ્ટ્રને ખતરો હોય શકે. ફોરવર્ડ કરતા પહેલા અપની અક્કલ લગાઓ...નહિતર ક્યારેક પસ્તાવાનો વારો આવશે એ ચોક્કસ છે...!!!! કારણકે આ ' વાયરલ ' કરવાનો રોગ એક ચેપની રીતે ફેલાઈ રહ્યો છે અને અફસોસ એ વાતનો છે કે એના બીમાર બનેલા લોકોને એ ખબર પણ નથી કે એ લોકો ખુદ તો ઝૂઠ ફેલાવવાની બીમારીથી ત્રસ્ત તો છે પણ સાથે સાથે આ ગંભીર બીમારીને અજાણતા જ વધુ ને વધુ ફેલાવી રહ્યા છે અને સાથે સાથે સમાજ અને સામાજિક સમરસતાને નુકશાન પહોચાડી રહ્યા છે..! થીંક બીફોર મેક ઈટ વાયરલ...!